દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

મંગળવાર ૧૫ જુલાઈ, ૨૦૨૫

# વિમાન અકસ્માતની તપાસના અહેવાલના મામલે વિવાદ ન થવો જોઈએ

જૂન મહિનાની બારમી તારીખે અમદાવાદ એરપોર્ટ નજીક એર ઇન્ડિયાના વિમાનને નડેલી ગોઝારી દુર્ઘટનાની તપાસનો પ્રાથમિક અહેવાલ આ ઘટનાના બરાબર એક મહિના પછી શનિવાર ૧૨મી જુલાઇએ બહાર પડ્યો. આ અહેવાલ એવુ સૂચવે છે કે દુર્ઘટનાગ્રસ્ત વિમાનની ફ્યુઅલ સ્વીચ બંધ કરી દેવાઇ હતી. કોકપીટ વોઇસ રેકર્ડરમાં પાયલોટોની જે વાતચીત રેકર્ડ થઇ છે જેના પરથી એવી અટકળો શરૂ થઇ છે કે બેમાંથી એક પાયલોટે જ આ સ્વીચ બંધ કરી દીધી હતી. આ સાથે જ વિવાદ પણ શરૂ થયો છે. પાયલોટોની સંસ્થાએ આડકતરી રીતે એવો આક્ષેપ કર્યો છે કે આ તપાસ અહેવાલ પૂર્વાગ્રહયુક્ત છે અને તે ઇરાદાપૂર્વક પાયલોટોનો દોષિત ઠરાવવા પ્રયાસ કરે છે. ઇન્ડિયન કોમર્શિયલ પાઇલટ્સ એસોસિએશન (આઇસીપીએ)એ રવિવારે જણાવ્યું હતું કે ગયા મહિને ક્રેશ થયેલી એઆઇ ૧૭૧ ફ્લાઇટના ક્રૂએ પડકારજનક પરિસ્થિતિઓમાં તેમની તાલીમ અને જવાબદારીઓ અનુસાર કાર્ય કર્યું હતું, અને ફક્ત અનુમાનના આધારે પાઇલોટોને બદનામ ન કરવા જોઈએ.

પાઇલટના આત્મહત્યાના પ્રયાસ અંગે કેટલાક વર્ગોમા પ્રવર્તી રહેલા ખયાલને પાયલોટોની આ સંસ્થાએ સખત રીતે નકારી કાઢ્યો છે. એર ઇન્ડિયાના નેરો બોડી વિમાનોના પાઇલટ્સનું પ્રતિનિધિત્વ કરતા એસોસિએશને ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી સત્તાવાર તપાસ પૂર્ણ ન થાય અને અંતિમ અહેવાલ પ્રકાશિત ન થાય ત્યાં સુધી કોઈપણ અટકળો અસ્વીકાર્ય છે અને તેની નિંદા થવી જોઈએ. અહીં નોંધનીય છે કે એરલાઇન પાઇલટ્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ પણ શનિવારે એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની નિષ્પક્ષ અને તથ્ય આધારિત તપાસની માંગ કરી હતી. તેણે દાવો કર્યો હતો કે એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસનો સ્વર અને દિશા પાઇલટની ભૂલ તરફ ઢળવાનો સંકેત દર્શાવે છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ 12 જૂનના રોજ થયેલા બોઇંગ 787-8 વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક અહેવાલ જાહેર કર્યો છે, રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે વિમાન રવાના થયા બાદ ઈંધણ પુરવઠો બંધી કરી દેવાયો હોવાના સંકેતો છે. કોકપીટના વોઇસ રેકોર્ડિંગમાં, એક પાઇલટ બીજાને પૂછતો સંભળાય છે કે તેણે કેમ કટઓફ કર્યું. બીજા પાઇલટે જવાબ આપ્યો કે તેણે કંઈ કર્યું નથી એમ અહેવાલમાં જણાવાયું છે. AAIBના પ્રારંભિક અહેવાલમાં પાઇલટની ભૂલ તરફ પૂર્વગ્રહ હોવાનું સૂચવવામાં આવ્યું હોવાનો આરોપ લગાવ્યાના એક દિવસ પછી, પાઇલટ્સના જૂથ ALPA-ઇન્ડિયાએ રવિવારે જણાવ્યું હતું કે તે એર ઇન્ડિયાના બોઇંગ 787-8 વિમાન દુર્ઘટનાની તપાસમાં તેના સભ્યોને પણ રાખવા માટે કાનૂની આશરો લેવાનું વિચારી રહ્યું છે.

વિમાન અકસ્માતની તપાસનો મામલો કોર્ટમાં જાય તેવા સંકેતો દેખાવા માંડ્યા છે અને આ અંગે જો વિવાદ ઉગ્ર બનશે તો તેમાં દુનિયાભરમાં ભારતની જ બદનામી થશે, આથી આવા કોઇ પણ સંજોગો ટાળવાના પ્રયાસો બધા પક્ષકારોએ કરવા જોઇએ.

## ભૂલો ભલે થતી

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ રીના પોતાના નાનકડા છ વર્ષના દીકરા રિયાનને મોટે મોટેથી ખિજાય રહી હતી અને રિયાન રડી રહ્યો હતો. રિયાનનો રડવાનો અને રીનાનો ખીજાવાનો અવાજ સાંભળીને દાદા દાદી ત્યાં દોડી આવ્યા.

દાદીએ રીનાને પૂછ્યું, ‘શું થયું? કેમ આટલું ખીજાય છે તું?’ રીના ગુસ્સામાં બોલી, ‘મમ્મી તમે આજે તેનું ઉપરાણું લેતા જ નહીં, બે દિવસ પછી ક્લાસ ટેસ્ટ છે અને હું ચાર દિવસથી પ્રેક્ટીસ કરાવું છું. આજે આ પાંચ પાનાં દાખલા પ્રેક્ટીસ માટે આપીને ગઈ હતી અને જુઓ બધા પાના પર કેટલી બધી ભૂલો કરી છે. કઈ ધ્યાન આપતો જ નથી, મહેનત કરતો જ નથી. આમ ભૂલો કરે તે થોડું ચાલશે. હવે તમે જ કહો કે હું તેને ખીજાવ નહીં તો શું કરું?’ દાદી ચુપ થઈ ગયા, રિયાન દાદીને વળગીને વધુ જોરથી રડવા લાગ્યો. દાદા બોલ્યા, ‘રીના, તારે તારાં દીકરા પર ગુસ્સો કરવાને બદલે વ્હાલ કરવું જોઈએ.’

રીના ગુસ્સામાં હતી એટલે સહેજ ખીજાઈને બોલી, ‘વ્હાલ કરું? કેવી વાત કરો છો પપ્પાજી તમે?’ દાદા બોલ્યા, ‘બરાબર કહું છું. મેં આ નોટ બુક જોઈ તે પ્રેક્ટીસ કરવા આપેલા બધા પાના પર રિયાને ભૂલ કરી છે તે વાત બરાબર પણ એક બીજી વાત પર પણ ધ્યાન આપ કે તેણે બધા દાખલા જાતે ગણવાની કોશિશ પણ કરી છે ને. રિયાનની ભૂલો થઈ છે, એક નહીં, અનેક થઈ છે પણ આ ભૂલો જ સાબિતી છે કે તેણે પ્રમાણિકપણે જાતે દાખલા ગણવાની કોશિશ કરી છે. તેણે કોઈ લુચ્ચાઈ કરીને ક્યાંકથી કોપી નથી કરી, બીજા કોઈની મદદ નથી લીધી. તારે રાજી થવું જોઈએ કે તારો દીકરો મહેનત તો કરે છે.’

દાદાની વાત સાંભળી રીનાએ રિયાનની બુક ફરીથી જોઈ. ઘણી ભૂલો હતી પણ ઘણા દાખલા સાચા પણ હતા. તેણે ભૂલો પર ધ્યાન આપ્યું પણ રિયાનની કોશીશ પર નહીં.

દાદા આગળ બોલ્યા, ‘રીના, તું ગુસ્સો ન કર આ ભૂલો ભલે થતી, આ ભૂલો કોશિશની સાબિતી છે કે મહેનત તે કરી રહ્યો છે. તું ગુસ્સે થયા વિના તેની ભૂલોને સમજ અને કયા કારણસર ભૂલો થાય છે તે રિયાનને પૂછ અને તેને બરાબર સમજાવ અને ફરી પ્રેક્ટીસ કરાવ. ભૂલો તરફ ગુસ્સાથી નહીં, ધ્યાનથી જો અને તેને ધીમે ધીમે દૂર કરવાની કોશિશ રિયાનને કરવા દે.’ રીના સમજી ગઈ.

દાદી બોલ્યા, ‘એકદમ સાચી વાત કરી તમે અને આ વાત માત્ર આ ગણિતના દાખલા અને ટેસ્ટ માટે નહીં પણ બધા માટે જીવનપર્યંત સાચી સાબિત થાય છે કે કોઇ પણ કાર્યમાં ભૂલો ભલે થાય, તે સાબિતી છે કે તમે પ્રયત્નો કરી રહ્યા છો. પ્રયત્નો ચાલુ રાખો ભૂલો આપોઆપ ઓછી થતી જશે.’ દાદા દાદીએ મહત્ત્વની સમજ આપી.

# નવી શિક્ષણ નીતિમાં ભારતીય જ્ઞાન પરમ્પરાનાં હેતુને આપણે સમજ્યા છીએ ખરા?

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

નવી શિક્ષણનીતિ ૨૦૨૦ના વ્યાવહારિક અમલને ઘણો સમય થયો. કોલેજ કક્ષાનાં અભ્યાસક્રમોમાં ભારતીય જ્ઞાન પરંપરાનો યુવાનોને પરિચય થાય, તે ઉદ્દેશથી કોલેજ કક્ષાની તમામ વિદ્યાશાખાનાં અભ્યાસક્રમોમાં એક પેપર તરીકે ભારતીય વિદ્યાજ્ઞાન પરંપરાનું ભણાવવાનું ફરજીયાત કરવામાં આવ્યું. “ઈન્ડિયન નોલેજ સિસ્ટમ” એટલે કે “ભારતિય જ્ઞાન વ્યવસ્થા”- યુવાનોને ભણાવવાનો નવી શિક્ષણનીતિમાં ઉદ્દેશ શું છે? આ બાબત વિષય તરીકે ભણાવવા પાછળનો મૂળભૂત ઉદ્દેશ એ છે કે આજના યુવાનો જ્યારે ઔપચારિક શિક્ષણમાં જોડાય છે અને ગણિત, વિજ્ઞાન, ઈજનેરી વિદ્યા, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર જેવા આધુનિક વિષયો ભણે છે ત્યારે તેને સતત એ વાંચવા સાંભળવા મળે છે કે આ તમામ વ્યવસ્થાઓ બીજા દેશોમાં ખાસ તો ઈંગ્લેન્ડ-પશ્ચિમી દેશોમાં વિકસી છે. ઉદ્દભવી છે. ભારતમાં તો આમાંનું કશું જ હતું નહીં. માટે જ અર્થશાસ્ત્ર ભણો કે ઇજનેરી શાસ્ત્ર, માનસશાસ્ત્ર ભણો કે ગણિત શાસ્ત્ર, તેના તજજ્ઞોમાં વિદેશીઓનાં નામ જ આવે. આપણે રોબર્ટસન, ન્યુટન, પાવલો, પીકાસો જ ભણવાના. તેમની જ વ્યાખ્યાઓ યાદ રાખવાની ભારતમાં તો કશું હતું નહીં. કશું શોધાયું પણ નથી! આપણી તમામ આધુનિક વ્યવસ્થાઓ પરદેશમાંથી જ આવી છે! વિદ્યાર્થીના મનમાં આ જે ભાવના જાગે છે તેની સામે ભારતીય જ્ઞાનપરંપરા અને ભારતીય વ્યવસ્થાઓ ભણાવવામાં આવે તો જ તેને પણ ખબર પડે કે આ વિદેશી વ્યવસ્થાઓ ન્હોતી ત્યારે દેશ ચાલતો જ હતો!

આધુનિક બેંકીંગ અને ચેક ન્હોતા ત્યારે ભારતમાં કઇ નાણાં વ્યવસ્થા હતી? ભારતમાં ઈજનેરી કોલેજો ન્હોતી ત્યારે બંધાયેલાં આ દેવાલયો, મહાલયો કયા જ્ઞાનના આધારે બંધાયાં? ખગોળવિદ્યામાં તો ભારત અગ્રણી દેશ હતો અને ગ્રહો, નક્ષત્રોનું તેમની ગતિ અને સાપેક્ષ અસરોનું જ્ઞાન ભારત પાસે હતું તો એ જ્ઞાન શું હતું? તારા અને ગ્રહની ગતિ માપવાનાં સાધનો કયાં હતાં? ટૂંકમાં ભારતીય જ્ઞાન પરંપરા ભણાવવાનો મૂળ ઉદ્દેશ ધાર્મિક કે સાંપ્રદાયિક જ્ઞાન આપવાનો નથી. ભારતીય જ્ઞાન આપવાનો છે! આ પેપરમાં કલ્પનાના વિહાર કરતી નાટ્યકૃતિ કે નવલકથા તો ભણાવવાની જ નથી! જો કોઈ વિદ્યાર્થી ભારતીય અર્થશાસ્ત્ર ભણવા માંગે છે તો તેને ભારતીય આર્થિક વિચારધારા અને પરંપરાગત ભારતીય અર્થવ્યવસ્થાનું માળખું ભણવા મળવું જોઈએ!

ભારતીય આર્થિક વ્યવહારોમાં ‘વેચવું અને વહેંચવું’ના સ્પષ્ટ ભાગ છે. વ્યક્તિગત વપરાશની વસ્તુઓ વેચવાની છે અને સામુહિક વપરાશની, કલ્યાણલક્ષી, સેવાઓ વેચવાની નથી! શિક્ષણ, ન્યાય, કળા, વૈદકીય સેવા વેચવા અને નફાકારક રીતે વેચવા માટે નથી! તે માનવકલ્યાણ માટે વાજબી ભાવે વહેંચવી જોઈએ! આ ભારતીય અર્થવિચાર છે. જે વિદ્યાર્થીને ભણાવવાનો છે. ભારતમાં મોટા મોટા મહેલો કેવી રીતે બન્યા તેની સ્થાપત્યકળા અને કૌશલ્યનું જ્ઞાન વિદ્યાર્થીને ભણવા મળવું જોઈએ. ગણિતમાં તો એક આખો માસ્ટર ડીગ્રીનો કોર્ષ ચલાવી શકાય એટલું જ્ઞાન ‘ભારતીય’ છે!

આવું જ ખગોળ વિદ્યામાં છે. પંચાંગમાં પાંચ અંગોની પ્રાથમિક માહિતીથી માંડીને ગ્રહો, તારાની ગતિ માપવાની ભારતીય પદ્ધતિઓ વૈજ્ઞાનિક ઢબે ભણાવી શકાય તેમ છે. મેડીકલ સાયન્સે આજે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. પણ આપણાં મેડીકલના વિદ્યાર્થીને આપણાં આયુર્વેદની માહિતી અને ‘નાડી વિદ્યા’ જેવાં કૌશલ્યોની માહિતી મળવી જોઈએ! લોકશાહીનો ઉદ્દભવ ભલે ગ્રીસમાં થયો. ઈંગ્લેન્ડમાં તેનું સ્વરૂપ વિકસ્યું પણ ભારતમાં પણ ઘણી બધી રાજ્ય વ્યવસ્થાઓ ‘પ્રજાભિમુખ’હતી, મંત્રીમંડળો હતાં. ‘નગર રચનાઓ હતી ન્યાય પ્રણાલીઓ હતી! ભારતીય હોય એટલે બધું જ ‘સારુ’ હોય અને ભારતીય હોય તે બધું જ ‘ધાર્મિક’ હોય એ માન્યતા જ પૂર્વગ્રહ પ્રેરિત છે. આપણે આપણી જ્ઞાન પંરપરાઓ તેના સારા-નરસા બન્ને પાસાં સાથે ભણાવવી જોઈએ. ‘આઈ.એ.એસ.’ ભણાવવા પાછળનો નવી શિક્ષણનીતિનો હેતુ સ્વયં સ્પષ્ટ છે કે જીવનના દરેક ક્ષેત્રમાં આધુનિક વ્યવસ્થાઓ અને પશ્ચિમી જ્ઞાન ન હતું ત્યારે ભારતમાં શું હતું? એટલે ભારતીય નાણા બજાર, શરાફ પ્રથા, હૂંડી પરંપરા અને વિષ્ણુ ગુપ્ત, ચાણકયના અર્થશાસ્ત્ર -રાજય શાસ્ત્રના ખ્યાલો બાળકને ભારતીય અર્થતંત્રના સંદર્ભે ભણાવી શકાય!

ભારતીય જ્ઞાન પરંપરા ભણાવવી જોઈએ પણ તેના વ્યવસ્થિત, સંકલિત અભ્યાસક્રમ બનવા જોઈએ.આધુનિક રાજ્યશાસ્ત્ર કે મેનેજમેન્ટમાં તમે વિદુર, ચાણકય કૃષ્ણના ઉપદેશો સીધા જ ભણાવો તો તે કોઈ કામના નથી. આપણે તેને સંકલિત કરીને આધુનિક પરિપ્રેક્ષ્યમાં વિદ્યાર્થી સમક્ષ મૂકવા પડશે. આ માટે યોગ્ય સંપાદન થવું જોઈએ.

ભારતીય અર્થશાસ્ત્રની વિચારધારા કે વિચારકોમાં ચાણકય, ગાંધી, પંડિત દિનદયાળ ઉપાધ્યાયથી માંડીને ભારતીય અર્થશાસ્ત્રીઓના સંકલિત વિચારોનો તુલનાત્મક અભ્યાસ પણ કરાવી શકાય!

છેલ્લે ! ભારતીય જ્ઞાન પરંપરાનું એક પેપર અભ્યાસક્રમમાં દાખલ કરવા માત્રથી સરકાર, યુનિ. કે તજજ્ઞોની જવાબદારી પૂરી થતી નથી! તેના અભ્યાસક્રમો ઘડવા, પુસ્તકો તૈયાર કરવાં અને ખાસ તો તેના અધ્યાપકો ઊભા કરવા જરૂરી છે. યાદ રહે. ધાર્મિક શ્રદ્ધા સાથે રામાયણની કથા કરવી એક વાત છે અને તુલસીકૃત રામાયણનો હિન્દીના સ્નાતક વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવો બીજી વાત છે! સરકારની નવી શિક્ષણ નીતિમાં સૌથી મોટી મહત્ત્વાકાંક્ષા આ ભારતીય જ્ઞાન પરંપરા ભણાવવી તે છે! અને અમલીકરણના સમયે તેનો જ ઘડો લાડવો વાળી દેવાયો હોય તેમ લાગે છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# હિંમતે મર્દા તો મદદે કુતરા..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

સાંભળ્યું છે કે, કુતરા અને કુતરાના માલિકો માટે પણ કાયદા નીકળવાના! ત્યારથી કુતરાના પાલકોની ચિંતા ચકરડે ચઢી ગઈ! કારણ કે, કુતરો હવે માણસની ઓળખ પણ છે. કોઈ ગામમાં જઈને પૂછીએ કે, ‘ચમનીયાનું ઘર કયુ? તો પેલો તરત પૂછે કે, ‘કયો પેલો કાળો કુતરો રાખે છે એ ચમનીયો?કોઈ ‘બ્લેક બેલ્ટ’થી ઓળખાય, ત્યારે ચમનીયો ‘BLACK DOG’થી ઓળખાય છે બોલો! કુતરો પાળવો એ ફેશન નથી, જરૂરીયાત પણ ખરી. વિશ્વાસ અને વફાદારીના ધોવાણ થઈ રહ્યું હોય ત્યાં, કુતરો પાલકનું એક આશ્વાસન છે. ‘મૈ હું ના’ જેવી પાલકને ધરપત આપે, એ કોઈ નાની વાત નથી! પૂર્વજો ભલે વાંદરા હોય, તેથી કંઈ કુતરાને બદલે, વાંદરા નહીં તાણી બંધાય. કુતરા જ બંધાય. કુતરામાં તો ક્વોલીટી પણ આવે. બધો પૂર્વ જન્મનો હિસાબ છે મામૂ! કુતરાના પૂર્વ જન્મના કર્મોને આધારે, કોઈ કુતરા સારી સાહ્યબી ભોગવતા હોય, તો એ એનો અધિકાર છે. એની બળતરા નહીં કરાય! ગામડામાં કુતરા રખડતા હોય, ને ગાયોના બંધાણ હોય, ત્યારે શહેરમાં ગાવડા રખડતા હોય, ને કુતરા લક્ઝરી ગાડીમાં ડોકા કાઢીને મઝા લેતા હોય! આ પણ કર્મોનો હિસાબ છે! એવું મારું નહીં, પ.પૂ.ધ.ધૂ. ૧૪૨૦ આનંદદ્વારી બાપુનું માનવું છે!

કુતરાઓના પાલકોએ કુતરાઓને ઉશ્કેરીયા હોય એમ, રખડતા-ભટકતાને સાંકળે લટકતા કુતરાઓ ‘ઓટલા બેઠક’ કરતા હોય એવું લાગ્યું. મારા ઓટલે ડાઘીયો-કાળીયો-લાલિયો-ધોળીયો-ભૂરિયો-કાબરચિતરો વગેરે ભેગા થઈને કોઈ રણનીતિ નક્કી કરતા હોય એમ બેઠા છે. લાલ થેલી આંખોથી લાગ્યું કે, આ આંદોલન કરવાના. એના કપાળમાં કાંદા ફોડું, આપણી ભાષા એ સમજે પણ કુતરાની ભાષા સંભળાય ખરી પણ સમજમાં નહીં આવે. સભા મળે ત્યારે આ લોકો છુટ્ટા પગની મારામારી કરતા નથી. માણસ અને કુતરા વચ્ચે એટલો ફેર કે, માણસ બરાડે ને કુતરા ભસે. માણસ જેવી લાફાબાજી નહીં કરે! આ લોકોની એકતામાંથી ઘણું શીખવા જેવું. આખા મામલામાં પાલતુ કુતરાને જ અસર થવાની હોવા છતાં, રખડતા-ભટકતા કુતરા પણ સાથે જોડાય જાય. એને વિવિધતામાં એકતા કહેવાય. ‘અપનેવાલો પર આફત આઈ હૈ’ સમજીને સઘળે કે સઘળે હલ્લા-બોલ બોલાવતા થઈ જાય. માણસમાં આવી એકતા નથી. નહીં તો તાકાત છે કે, દુશ્મન દેશવાળા ધુમાડા કાઢે? બસ! આવા જ વિચારોના ચગડોળે ચઢી જવાને કારણે, કુતરાના પાયે બેઠી હોય એમ, હું આ કુતરાયણ લખવા બેઠો છું દાદૂ! બાકી એકપણ કુતરા સાથે મારે ભાઈબંધી નથી. કુતરું પાળવાની ત્રેવડ પણ નથી. રેશનકાર્ડની વસ્તીને પાળવામાં જ ફીંફાઆઆઆ નીકળી જાય તો, કુતરા તો શું બિલાડા પાળવાની પણ હિમત ચાલતી નથી!

જો કે, માણસ હોય કે પ્રાણી! કાયદો હોય તો જ ફાયદામાં રહેવાય. કાયદો હોય તો શિષ્ટાચાર આવે. સારું છે કે, આપણે ત્યાં કુતરા માટે, ‘સબ ભૂમિ ગોપાલકી’ જેવું છે. કુતરાને જ્યાં પણ જે વિસર્જન કરવું હોય તે કરીને હળવાશ માણી શકે, સંપૂર્ણ આઝાદી! વિદેશમાં તો આડેધડ ભટકવા પણ નહીં દેવાય. માલિકના ખોળામાં ઉછરેલા હોવાથી, મુલાયમ પણ વધારે. વાઈફ બદલે પણ કુતરા નહીં બદલે! વાઈફને દવા આપવાનું ભૂલી જાય, પણ કુતરાને સુઉઉ... સુઉઉઉ કરાવવા ‘ટાઈમસર’ બહાર લઈ જાય! એવા પણ કાયદા કે, કુતરાને શાકાહારી ભોજન આપે તો પણ દંડ થાય. ધરાયને ભસાય પણ નહીં. કુતરાને પાળવા હોય તો, કુતરાની સાઈઝ પ્રમાણે જર્મનમાં દર મહિને ટેક્સ ચૂકવવાનો. જેમ સાઈઝ ઓછી એમ, ટેક્ષ ઓછો. ક્યાંક તો કુતરાને પાળવો હોય તો, માલિકે પહેલા પરીક્ષા આપવાની. આવું બધું તો ઘણું ઘણું, આ તો એક સેમ્પલ! ત્યારે વિદેશ જેવા જટિલ કાયદા ભારતમાં નથી. સમજીએ કે, કુતરાને અંગ્રેજીમાં DOG કહેવાય ને ઊંધો ટાંગો તો GOD વંચાય! છતાં પાળેલા કુતરા કરતા ભટકતા જ એટલા હેરાન કરે કે, હાથમાં લાકડી રાખવી જ પડે. ધોતિયા પહેરવાનું છોડીને જીન્સ પેન્ટ ઉપર આવવું પડ્યું એનું કારણ પણ એ જ! કઈડે તો પગની પીંડી તો નહીં પકડાય? કુતરા માટેના વૃદ્ધાશ્રમો ખુલ્યા નથી, એટલે ત્રાસ તો રહેવાનો જ મામૂ! ગુજરાતમાં દારુબંધી છે, કુતરાબંધી નથી. ‘રામકી ચીડિયા રામકા ખેત, ખાલો ચીડિયા ભરભર પેટ’ જેવી ખુલ્લી આઝાદી!

કાયદો લાવવાની હવા તો ચાલે છે પણ કેવો કાયદો આવે એના ઉપર મદાર છે. જે કડક કાયદો આવ્યો તો, કુતરાનું બેબી સિટર બંધ પણ કરવું પડે. આ તો હાસ્ય લેખકો

> માણસ હોય કે પ્રાણી! કાયદો હોય તો જ ફાયદામાં રહેવાય. કાયદો હોય તો શિષ્ટાચાર આવે. સારું છે કે, આપણે ત્યાં કુતરા માટે, ‘સબ ભૂમિ ગોપાલકી’ જેવું છે. કુતરાને જ્યાં પણ જે વિસર્જન કરવું હોય તે કરીને હળવાશ માણી શકે

સંવેદનશીલ રહ્યા એટલે આટલું ખેંચાયું. બાકી આધારકાર્ડ વગરના આ વફાદાર પ્રાણીનું હાસ્ય લેખક સિવાય બીજું કોણ? એના કપાળમાં કાંદા ફોડું, કુતરાની ‘કુતરાયણ’ કરવામાં મારા ઘરમાં તણખા ઝરવા માંડ્યા. આ લેખ લખવામાં મને પાંચમો દિવસ જાય છે મામૂ! શૈલી એટલે કે મારી વાઈફ પણ આંદોલન કરવા માંડી કે, ‘તુતુતુ તુતુ તારા, તારા કરતા કુતરા સારા!’ મને કહે કુતરાના રવાડે જ ચઢવું હતું તો લગન કરવાની શું જરૂર હતી? જુઓ તો ખરા, કેવી હડકાયા કુતરા જેવી હાલત કરી નાંખી? હમણાં ફરવા જવાનું કહીએ તો ઘૂંટણીયાના બહાના કાઢે. ત્રાસી ગયો છું યાર! નહીં ઘરનો નહીં ઘાટના જેવી હાલત છે. ઓટલે કુતરા ભસે ને ઘરમાં વાઈફ ડોળા કાઢે! શનિના પાયે બેસે તો ઈલાજ થાય, મંગળના પાયે બેસે તો પણ વેઠાય, ને રાહુ-કેતુના પાયે બેસે તો, એનો પણ ઘડો-લાડવો થાય પણ પત્નીના પાયે જો બેઠી, તો વહેલી ઉઠે નહીં!

ઊંઘમાં પણ કુતરા દેખાય છે યાર! મગજમાં ગલુડિયાં ફૂટબોલ રમતા હોય એવું લાગે. કેવા દુષ્કર્મો કર્યા હશે કે, મારા ભાગ્યમાં કૂતરાં ભટકાયા, એવું લાગે બોસ! કોઈને કહેતા પણ શરમ આવે કે, મારી પાછળ કુતરા પડ્યા છે! વાઘ-સિંહ-જિરાફ-ઝીબ્રા-દીપડા પડ્યા હોય તો, પેપરના પહેલા પાનાની હેડ લાઈન પણ બને, કુતરા દૌડે તો, શ્રદ્ધાંજલિનાં પાનાં ઉપર પણ છાપાવાળો સમાચાર નહીં છાપે! જે લોકો એમ કહે છે કે, કુતરા પાળવાથી, રાહુ-કેતુના અશુભ પ્રભાવોથી પ્રજાને રાહત થાય. કુતરો પાળવાથી, શનિના દોષોનું નિવારણ થાય, નકારાત્મક ઊર્જાનો નાશ થાય, અશુભ ગ્રહો શાંત થાય. ત્યારે સરકારને તો રાહત થવી જોઈએ, કે કુતરા પ્રજાનું કેટલું હિત સંભાળે છે? કલ્યાણ મેલો રાખીને પ્રજાને એક એક કુતરો ભેટ આપવો જોઈએ. શું કહો છો ચમનીયા?

### લાસ્ટ બોલ

ચમનીયો કહે, ‘મને અંગ્રજી આવડતું હોત તો આજે હું પણ એક વિદેશી કન્યાનો પતિ હોત. એ મને કાયમ અંગ્રેજીમાં પત્ર લખતી. અંગ્રેજીમાં ચાંચ તો ડૂબે નહીં પણ છેલ્લે એવું લખતી કે, ‘YOU ARE VERY CUTE CHAMU! થયું એવું કે, ‘CUTE’ વાંચવાને બદલે, હું CUTEનું કુત્તે વાંચતો. બેચાર કાગળ સુધી તો ચલાવ્યું. પછી બબાલ કરી નાંખી કે, તું મને વારે ઘડીએ (CUTE) ‘કુત્તે’ કેમ લખે છે, હું કુતરો છું?

એણે તરત જવાબ આપ્યો કે, ‘NOW YOU ARE REAL KUTTE!

એમાં મારા લગનની પથારી ફરી ગઈ!

એના કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સંશોધન દ્વારા વિકાસ

સંશોધન મોટાભાગે શાળા અને યુનિવર્સિટીમાંથી આવે છે. વિકસિત દેશો સંશોધન માટે શાળામાં સારું બજેટ આપે છે પરંતુ આપણા દેશમાં ફક્ત સારી યુનિવર્સિટીઓમાં જ નાનું બજેટ હોય છે, આપણો દેશ હજુ પણ મૂળભૂત ઉત્પાદનોની આયાતની માંગ કરી રહ્યો છે, આપણે આપણા યુવાનોનો સંશોધન વિકાસમાં મહત્તમ ઉપયોગ કરવો જોઈએ, મારા મતે દરેક શાળા ફક્ત વિદ્યાર્થીઓની ક્ષમતા ચકાસવા અને તેના પર કામ કરવા માટે દરરોજ એક કલાક કામ કરે તો, ફક્ત પુસ્તકીય શિક્ષણમાંથી બહાર આવે. પુસ્તકીય શિક્ષણ વાસ્તવિક જીવન અને જરૂરિયાતથી ઘણું દૂર છે. કોઈપણ રાષ્ટ્રનાં શ્રેષ્ઠ વિકાસ માટે સંશોધન એ સૌથી મહત્વપૂર્ણ ભાગોમાંનો એક છે. આપણા રાષ્ટ્ર પાસે સારી તકો છે, આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે સંશોધન એક લાંબી પ્રક્રિયા છે અને ભવિષ્યમાં વર્ષો સુધી આપણી ભાવી પેઢી શ્રેષ્ઠ પરિણામો મેળવશે. આ માટે પ્રયાસ કરવો જોઈએ.

**સુરત - જિજ્ઞેશ બક્ષી**

## ખાનગી શાહુકારોનો રાફડો ફાટયો છે

જે લોકોની સ્થાયી આવક નથી તેવો શ્રમિક વર્ગને બેંક કદી કરજ આપશે નહીં. સરકારે માઈક્રો ફાઈનાન્સ માટે બેંકોને ગાઈડલાઈન પુરી પાડી છે. પણ તેઓ તૈયાર નથી. અહીંયા જ ખાનગી શાહુકારો ગરજદાર, કરજદારોને પોતાની શરતે અગાઉથી જ વ્યાજ કાપી નાણા ચુકવે છે. ચાદર જોઈ પગ પસાર કરનાર કદી શાહુકારોની અડફેટે ચઢતો નથી. ક્યારેક સામાજીક રીત રિવાજ નિભાવવા હેસિયત ન હોય તો પણ દેખાદેખીથી ગળાડૂબ થતા કરજમાં ડૂબી બરબાદ થાય છે. આવા ગેરવ્યાજબી શાહુકારોથી અને આવા ખોટા ખર્ચથી બચવું જોઈએ.

**અડાજણ, સુરત- અનિલ શાહ**

## શાળામાં કસોટીનું સ્વરુપ બદલાય પણ ફરક પડશે?

સમાચાર છે કે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હવે 5-પાંચ એકમ કસોટીઓનું સ્વરૂપ બદલવામાં આવશે જે એકદમ સરાહનીય નિર્ણય છે મૌખિક અને પ્રેક્ટિકલ પાસાં ઉમેરવામાં આવશે તે પણ આવકાર્ય છે પણ એકમ કસોટીની સંખ્યા ઘટશે કે પછી અવ્યવહારુ કાર્યભાર જ લદાશે એ જોવું રહ્યું. સ્વરૂપ બદલવાની સાથે જ એકમ કસોટીની સંખ્યા પણ જો ઘટાડી શકીએ 5-પાંચ ને બદલે મર્યાદામાં ફક્ત 2- બે જ રખાય તો શાળા શિક્ષણનું, વિદ્યાર્થીઓના આનંદ સાથે અભ્યાસનું સાચું હિત સિદ્ધ થઈ શકે એમ લાગે છે. શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં એક એકમ કસોટી અને દ્વિતીય સત્રમાં બીજી એક એકમ કસોટી હકીકતમાં વ્યવસ્થિત રીતે લઈ શકાય એવી હાલની શાળાકીય સ્થિતિ છે. વિષય દીઠ 5-પાંચ એકમ કસોટીઓ રાખવાથી અભ્યાસનાં વિષયો મુજબ કુલ 7 વિષયોની 35 એકમ કસોટીઓ થાય અને 2 સામયિકની 14 તથા 1 વાર્ષિક એમ કુલ -56 પરીક્ષાઓ થાય! વળી બોર્ડ પરીક્ષા માટેની પ્રેક્ટિસ પરીક્ષાઓ પણ મોટા ભાગની શાળાઓ રાખે જ છે એટલે વિદ્યાર્થીઓને પણ પરીક્ષાની અપેક્ષિત ગંભીરતા જ રહેતી નથી. વળી માનસિક રીતે વિદ્યાર્થી અને શિક્ષક પણ હંમેશા જાણે પરીક્ષાની ચિંતામાં જ મૂંઝાયેલો રહે છે. એકબાજુ ભાર વિનાના ભણતરની વાહવાહી થાય છે તો પરીક્ષા નો ખોટો માનસિક ભાર ન લાગે તે માટે કસોટીની સંખ્યા ઘટાડવા અરજ છે.

**સુરત - વિજયકુમાર બારોટ**

## ખાડાની અખંડ દુનિયા

સ્વાગત છે ખાડાની અદ્ભુત દુનિયામાં, જ્યાં દરેક રસ્તો એક સાહસિક યાત્રાનું વચન આપે છે! આ ખાડા, ભારતીય રસ્તાઓના અનબ્રેકેબલ હીરા, દરેક પગલે નવું આશ્ચર્ય લઈને આવે છે. ક્યારેક નાના, ક્યારેક ગાગર જેવા ઊંડા, અને ક્યારેક ચોમાસાના મહેમાન તરીકે પાણીથી ભરેલા - આ ખાડા એટલે સાચો રોમાંચ! આ યાત્રા શરૂ કરો તો વાહનનું સસ્પેન્શન અને તમારી હિંમતની કસોટી થાય. ખાડાઓની આ દુનિયામાં નકશો નકામો છે, કારણ કે દરેક ખાડો એક અણધાર્યો ટ્વિસ્ટ છે. ડ્રાઈવરો અહીં નિષ્ણાત નૃત્યકાર બની જાય છે, જે ખાડાઓની તાલે ડાબે-જમણે નાચે છે. અને પગપાળા યાત્રી? બસ, તેમના પગની ચપળતા ઓલિમ્પિક મેડલને પણ શરમાવે! ખાડાની આ દુનિયા માત્ર રસ્તાઓ પૂરતી નથી મર્યાદિત. આ એક સામાજિક અનુભવ છે! ખાડામાં ટાયર ફસાય ત્યારે પડોશીઓ એકઠા થાય, સલાહોનું અજવાળું થાય, અને ચા-નાસ્તાની ચર્ચા ચાલે. આ ખાડા આપણને ધીરજ, સંયમ અને રમૂજનું મહત્વ શીખવે છે. હા, ચોમાસામાં તો આ ખાડા નાના-મોટા તળાવો બની જાય, જેમાં રસ્તો નહીં, પણ સ્વપ્નો ડૂબે!

**પુનાગામ, સુરત - સંજય સોલંકી**

## ઈમ્યુનિટિ સિસ્ટમ સ્ટ્રોંગ બનાવો: લાલ ખારેક ખાવ

ઉનાળામાં મીઠી મધ જેવી વિવિધ કેરીઓનો આ સ્વાદ માણી લીધા પછી હાલમાં બજારમાં લાલ-પીળા કલરની તાજી ખારેક જોવા મળી રહી છે. એ મિનરલ્સનો ખજાનો છે. આ ખારેક ચોમાસાની ઋતુમાં સ્વસ્થ નિરોગી રહેવા પાણીજન્ય ઈન્ફેકશનથી બચાવા અને ઈમ્યુનિટી સિસ્ટમને મજબુત બનાવવા અવારનવાર ખારેક ખાવી અનિવાર્ય છે. પોષક તત્વોથી ભરપૂર છે. એનિમીયાની સમસ્યાથી પીડાતા દર્દી માટે લાલ ખારેકમાં આર્યનનું પ્રમાણ વધુ હોય દવાની અસર સારે છે. તો પીળી ખારેકમાં લેકટોઝ અને ગ્લુકોઝ જેવી નેચરલ સુગર તત્કાળ શરીરમાં ઉર્જાનો સંચય કરે છે. લાલમાં ફાઈબર હોય પાચનશક્તિ જેમની મંદ હોય તેમણે ખાવી જોઈએ. પીળીમાં રોગપ્રતિકારક શક્તિ વિટામીન સી હોય વધે છે. એમાંથી મળતાં મિનરલ્સ હાડકાં મજબૂત કરે છે દરેક સિઝનના ફળ કુદરતે આપણા સ્વસ્થ જીવન માટે જ મૂક્યા છે જે કોલેસ્ટોલને પણ કંટ્રોલ કરે છે. ભારે કામગીરી હોય તો પણ આ ખારેક ખાવાથી ઈન્સ્ટંટ એનર્જી-ઉર્જાનો અનુભવ થશે ખારેક આર્યનનો ભંડાર, કબજીયાત નિવારક અને વિટામીન્સ સીથી ભરપૂર હોય રોગ પ્રતિકારક શક્તિ વધારવા, ઈન્ફેકશન શરદી અને ઉધરસથી બચાવે છે. ધર્મમાં એને પવિત્ર માનવામાં આવે છે. લગ્ન પ્રસંગે વધુ ઉપયોગ થતો જોવા મળે છે. સુકી ખારેક ખાવી હોય તો અડધો કલાક પાણીમાં બોળી રાખવી જોઈએ એની તાસીર ગરમ હોઈ પાણીથી શરીરને નુકસાન થયું નથી.

**તાડવાડી, સુરત- રમિલા પરમાર**

## પેટ ને પેન પર કંટ્રોલ રાખવો સારો

ઘણા ખરા વ્યક્તિ એવા હોય છે કે ભૂખ લાગે કે ન લાગે સમય માટે એટલે ગમે તે વસ્તુ ખાઈ લે છે પેટને જાણે પતરાની પેટી હોય તેમ નાંખ્યા કરે છે. પછી ફરિયાદ કરે છે એસિડીટી થઈ ગઈ- ખાટા ઓડકાર આવે છે. ગભરામણ થાય છે તેને દબાવવા માટે સોડા પીએ છે. અંતમાં પેટથી સિસ્ટમ બગાડી નાંખે છે. ઘણીવાર અ-પાચક ખોરાક લુઝ મોસનને આમંત્રણ આપે છે. પેનમાં પણ એવું છે. જ્યાં સુધી સારુ લડાય ત્યા સુધી સારુ છે પણ કોઈક વાર તણાવમાં લખવાનો શબ્દ આડો-અવડો થઈ જાય તો વાતનું વતેસર થઈ જાય છે. કોઈ વ્યક્તિ કે સંસ્થા વિષે લખવું હોય તો અબોલા થઈ જાય. એટલે લખતી વખતે પેન પર કંટ્રોલ રાખવો સારો છે.

**સુરત - મહેશ આઈ. ડોક્ટર**